■ જ્વેલ્સ ઑફ ઈન્ડિયા શ્રેણી: શ્રી રામકૃષ્ણ એક્સ્પોર્ટ્સના ગોવિંદ ધોળકિયાની વિશેષ મુલાકાત

# ચિત્રલેખા

૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૩ | ₹ ૧૮

૧૯૫૦થી સદા અગ્રેસર

NOT FOR SALE IN US AND CANADA www.chitralekha.com



ક્રેડિટ કાર્ડનાં કરોડોનાં ફ્રોડ

## તમારા કરતાં ચોર વધુ ચતુર છે!



*નીતિન શાહ: આવી છેતરપિંડીથી બચવાનો રામબાણ ઈલાજ છે, પણ એની કોઈને ખાસ ખબર નથી...*

ટુ-વે ઑથેન્ટિકેશન સિસ્ટમમાંની ઊણપને દૂર કરવા વિદેશમાં બૅન્કોએ હવે થ્રી-વે ઑથેન્ટિકેશન સિસ્ટમ શરૂ કરી છે, જેમાં ફિંગરપ્રિન્ટ અથવા વૉઈસ મોડ્યુલેશન (અવાજનો નમૂનો) મૅચ થાય તો જ ટ્રાન્ઝેક્શન થાય. વિદેશમાં ક્રેડિટ કાર્ડ વાપરનારાના મોંઘાદાટ હાઈએન્ડ સ્માર્ટ ફોનમાંથી આ ફિંગરપ્રિન્ટ કે અવાજનો નમૂનો બૅન્કમાં મોકલી શકાય છે.



*સુનીલ ભટ્ટ: અમેરિકામાં અમુક બૅન્કોએ હવે ક્રેડિટ કાર્ડની થ્રી-વે ઑથેન્ટિકેશન સિસ્ટમ શરૂ કરી છે...*

ભારતમાં ટુ-વે ઑથેન્ટિકેશન અમુક બૅન્કો પાળે છે. એમાં છેતરપિંડી કરનારે ક્રેડિટ કાર્ડની વિગત અને મોબાઈલ પણ ચોરવો પડે. જો કે ભારતમાં થ્રી-વે ઑથેન્ટિકેશનની સિસ્ટમ હજી શરૂ થઈ નથી.

ક્રેડિટ કાર્ડના ડેટા ચોરવા હૅકરો અમુક સર્વરને હૅક કરવાનું વધુ પસંદ કરે છે. જે કંપનીઓ એના ગ્રાહકના કાર્ડના ડેટાનો સંગ્રહ કરતી હોય એવી કંપનીઓનાં સર્વરને ટાર્ગેટ બનાવવામાં આવે છે.

આઈ-ફોન કે પછી *સોની પ્લેસ્ટેશન* જેવાં ઉપકરણ ખરીદી કરતી વખતે ખરીદદારે ક્રેડિટ કાર્ડની તમામ વિગત પહેલેથી આપવી ફરજિયાત છે. ગયા વર્ષે હૅકરોએ *સોની પ્લેસ્ટેશન*ના સર્વરને હૅક કરી હજારો ક્રેડિટ કાર્ડધારકોના ડેટા ચોરી લીધેલા. આ હૅકિંગને પગલે *સોની પ્લેસ્ટેશન*ની સાઈટ આશરે એક વર્ષ માટે બંધ રહી હતી અને એણે ધારકોની માફી પણ માગવી પડી હતી.

થોડા સમય પહેલાં વારાણસીના એક યુવકે *આઈસીઆઈસીઆઈ* બૅન્કના મુંબઈ ખાતેના સર્વરનો ડેટા હૅક કરીને બૅન્કના અમદાવાદના અમુક ધનિક ગ્રાહકોનાં એકાઉન્ટમાંથી ઈ-ટ્રાન્ઝેક્શન દ્વારા દસેક કરોડ રૂપિયા ઉપાડી લેવાનો જોરદાર પ્લાન ઘડ્યો હતો. જો કે બૅન્કની સુરક્ષિત વ્યવસ્થાને કારણે આ યુવકનો પ્રયાસ સફળ થયો નહોતો અને એ અમદાવાદ પોલીસના હાથમાં ઝડપાઈ ગયો હતો.

વાસ્તવમાં હૅકરો આવો ડેટા ચોરી બજારમાં વેચી મારતા હોય છે. જ્યારે પણ ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડના ડેટા ચોરાઈ જવાની ઘટના બને છે ત્યારે બૅન્ક એ બધાં કાર્ડ કૅન્સલ કરી નવાં કાર્ડ ઈસ્યુ કરે છે.

ઘણા ભૂલકણાઓને એમના મોબાઈલ ફોન કે ટેબ